| | |
|---|---|
| રજુ તારીખ | ૧૦.૦૧.૨૦૨૪ |
| દાખલ તારીખ | ૦૯.૦૧.૨૦૨૪ |
| ફેંસલ તારીખ | ૦૭.૦૫.૨૦૨૬ |
| અવધિ | વ.૦૨, મા.૦૩, દિ.૨૭ |

<u>ખેડાના મહે.પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મું.ખેડા.</u>

**રે.દિ.મુ.નં. ૯/૨૦૨૪**
**આંક:- ૪૯**

**<u>વાદી :-</u>**

દત્તુકુમાર જીવનલાલ વ્યાસ,

ઉં.વ.૬૫, ધંધો – ડોકટર,

રહે. ૯૨૮/૩૦, લાંબી શેરી, મુ.ખેડા, તા.જી.ખેડા.

**<u>વિ રૂ દ્ધ.</u>**

**<u>પ્રતિવાદી :-</u>**

(૧) ભાવેશકુમાર સુરેશભાઈ પટેલ,

ઉં.વ.પુખ્ત, ધંધો – ખેતી,

રહે. ભાથીવાડો, મુ.ખેડા, તા.જી.ખેડા.

(૨) ચીફ ઓફિસરશ્રી ખેડા,

ખેડા નગરપાલિકા કચેરી,

મું.ખેડા, તા.જી.ખેડા.

**બાબત :-** <u>રૂા.૧૦૦૦/- ના આંકથી જાથુનો મનાઈ હુકમ મેળવવા માટેનો દાવો</u>.

**વાદી તરફે વિ.વકીલશ્રી એમ.કે.રબારી**
**પ્રતિવાદી તરફે વિ.વકીલશ્રી કે.એન.કા.પટેલ**

-: જજમેન્ટ :-

૧. વાદીના દાવાની હકીકત :-

૧.૧. આ કામના વાદીની દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી ખેડા મુકામે રહી ડૉકટર તરીકેનો વ્યવસાય કરે છે. મોજે ગામ ખેડા, તા.જી.ખેડામાં નગરપાલિકાની હદ વિસ્તારમાં ખેડા સીટી સર્વે નં.૧૮૦૦ તથા ૧૮૦૧ થી આવેલ મિલકતો વાદીની પૈતૃક સંયુકત માલિકી કબજાના મકાન /મિલકતો છે. જેની ઉત્તર દિશાએ ખેડા સીટી સર્વે નં.૧૮૦૨ વાળો ખુલ્લો ચોક આવેલ છે જે મુકીને આ કામના પ્રતિવાદીની માલિકીની સીટી સર્વે નં.૧૬૭૭ વાળી મિલકત આવેલ છે. પ્રતિવાદી તેમાં કાયદેસરની પરવાનગી સિવાય કોઈપણ જાતના કાયદેસરના હકક, અધિકાર વિના ખોદકામ કરી ચારે તરફ ગેરકાયદેસર દબાણ કરી વાદીના મકાનોના વરસાદી પાણી નિકાલની જગ્યામાં બાંધકામ કરતા હોવાની વાદીને જાણ થતાં વાદીએ, પ્રતિવાદીને મૌખિકમાં જણાવેલ કે, ''તમો નગરપાલિકાની કાયદેસરની પરવાનગી લઈ તમારા મંજૂર થયેલ હોય તેવા નકશા મુજબ બાંધકામ કરો અમો વાદીના મકાનોની પાછળની જગ્યા ખુલ્લી છે, ત્યાંથી વરસાદી પાણી જવાની જગ્યા હોય તેમાં કોઈ બાંધકામ કરશો નહી.'' તેમ છતાં પ્રતિવાદી મનસ્વી રીતે બાંધકામ કરવાની તૈયારી કરતા હોવાનું વાદીને ખબર પડેલ. જેથી, વાદીએ આ કામના પ્રતિવાદીને જણાવેલ કે, તમોએ કોઈપણ જાતના કાયદેસર હકક, અધિકાર વિના અને વાદીની પૈતૃક વારસાઈ હકકની સંયુકત માલિકી,

કબજા ભોગવટાની ઉપરોકત મકાનોની પાછળની બાજુએ ખુલ્લો ચોક જેનો ખેડા સીટી સર્વે નં.૧૮૯૨ આવેલ છે તે જગ્યામાં પરવાનગી વગર ગેરકાયદેસર દબાણ કરી વાદીની માલિકી તેમજ જાહેર રસ્તાની ખુલ્લી જગ્યામાં કેમ બાંધકામ કરો છો? તો આ કામના પ્રતિવાદીએ જણાવેલ કે, ''સદર મિલકત અમારી છે અને જેથી મન મરજીથી બાંધકામ કરીએ છીએ.''

૧.૨. વધુમાં દાવામાં જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી લાગવગવાળા અને તેઓનું ધાર્યુ કરે તેમ હોય યેનકેન પ્રકારે પ્રતિવાદી તેઓની ખેડા સીટી સર્વે નં.૧૬૭૭ વાળી મિલકતમાં ગેરકાયદેસર ચારેબાજુ દબાણ કરી બાંધકામ માટે પ્રયત્નશીલ હોઈ, જેથી વાદીએ તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવા ખેડા નગરપાલિકાના ચીફ ઓફિસર સમક્ષ તા.૨૧.૧૦.૨૦૨૩ ના રોજ અટકાયતી પગલા લેવા અરજી કરેલ તેમ છતાં પ્રતિવાદીએ બિન રોકટોક બાંધકામ ચાલુ રાખતા વાદીએ તા.૦૩.૧૧.૨૦૨૩ તથા તા.૨૨.૧૨.૨૦૨૩ ના રોજ પ્રતિવાદી નં.૨ ને ગેરકાયદેસર બાંધકામ થતું અટકાવવા અરજી કરેલ છતાં તે બાબતે પ્રતિવાદીએ કોઈ કાયદેસરની કાર્યવાહી કરેલ નથી. જેથી,પ્રતિવાદીઓ વાદીની સંયુકત માલિકી, કબજા ભોગવટાની ખુલ્લી જમીનમાં પ્રવેશ કરે કરાવે નહી તેમજ વાદીની સદર ખુલ્લી જમીનમાં કોઈપણ જાતનું બાંધકામ કરે કરાવે નહી તેમજ પ્રતિવાદીએ જે કંઈ ગેરકાયદેસર બાંધકામ કરેલ હોય તે પ્રતિવાદીના ખર્ચે દુર કરે તેમજ વાદીના માલિકી હકકોને નુકસાન થાય તેવુ કોઈ કૃત્ય કરે કરાવે નહી તેવો જાથુનો મનાઈ હુકમ મેળવવા આ દાવો લાવવાનુ કારણ ઉત્પન્ન થયેલ હોવાની હકીકત જણાવી પારા–૭ માં જણાવ્યા મુજબની દાદ માંગતો હાલનો આ દાવો લાવેલ છે.

૧.૩. <u>વાદીએ હાલનો દાવો લાવી પારા–૭ માં નીચે મુજબની દાદ ગુજારેલ છે.</u>

(અ) દાવા અરજી પેરા નં.૨ માં જણાવેલ મોજે ખેડા, તા.જી.ખેડા નગરપાલિકાની હદ વિસ્તારમાં પ્રતિવાદી નં.૧ ની માલિકીની ખેડા સીટી સર્વે નં.૧૬૭૭ વાળી મિલકત આવેલ છે. તથા સીટી સર્વે નં.૧૮૦૦ તથા ૧૮૦૧ વાળી વાદીની સંયુકત માલિકીની મકાન મિલકત આવેલ છે. જેની ઉત્તર દિશાએ સીટી સર્વે નં.૧૮૦૨ વાળો ખુલ્લો ચોક આવેલ છે, જેના પાણી નિકાલના માર્ગમાં તેમજ સરકારી જમીનમાં ગેરકાયદેસર દબાણ કરી બાંધકામ આ કામના પ્રતિવાદી નં.૧ કે તેમના માણસો, એજન્ટો, કે નોકરો વિગેરે પ્રવેશ કરે કરાવે નહી, તેમાં કોઈ જ પ્રકારનું ખોદકામ કે બાંધકામ કરે કરાવે નહી તેવો જાથુનો મનાઈ હુકમ અમો વાદીના લાભમાં પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવા મહે.કરશોજી.

(બ) દાવા અરજીના પેરા નં.૨ માં જણાવેલ મિલકતમાં ગેરકાયદે કરેલ બાંધકામ પ્રતિવાદી નં.૧ તેમના ખર્ચે અને જોખમે દુર કરે તેમજ કાયદા વિરૂધ્ધ કોઈ કૃત્ય સદર મિલકતમાં કરે કરાવે નહી તેવો જાથુનો મનાઈ હુકમ વાદીના લાભમાં પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવા મહે.કરશોજી.

(ક) આ દાવાની હકીકત જોતાં બીજી યોગ્ય અને વ્યાજબી લાગે તેવી હરકોઈ દાદ અપાવવા મહે.કરશોજી.

(ડ) આ દાવા અરજીનુ તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવશોજી.

**૨..** <u>પ્રતિવાદીઓનો દાવા જવાબ:–</u>

૨.૧. આ કામે પ્રતિવાદીઓને ધારાસરનાં સમન્સ/નોટિસ બજતાં પ્રતિવાદી પૈકી પ્રતિવાદી નં.૨ નાએ તેઓના વિ.વકીલશ્રી કે.એન.કા.પટેલ મારફતે હાજર થઈ આંક–૧૭ થી લેખિત જવાબ રજુ કરી વાદીના દાવાની વિગતોનો પારાવાઈઝ સર્વાશે ઈન્કાર કરી જણાવે છે કે, સીટી સર્વે નં.૧૬૭૭ વાળી મિલકત જે પડી જાય તેમ છે જે પ્રતિવાદી નં.૧ ની માલિકીની હોય તે રીપેરીંગ કરે છે જો ન કરે તો જાન માલને નુકસાન થાય તેમ છે. આ કામે વાદીએ ખુદ સરકારી મિલકતમાં કરેલ દબાણ છુપાવીને તેમજ વરંડો અને દરવાજો રસ્તા ઉપર મુકી દીધેલ છે અને શેરીના રહીશોને આવવા જવાનો રસ્તો બંધ કરી દીધેલ છે. જેથી, જે અંગે પ્રતિવાદીએ નગરપાલિકાને વાંધો આપતા પ્રતિવાદી ઉપર દ્વેષભાવ રાખીને પ્રતિવાદીનું રીપેરીંગ કામ અટકે તે હેતુથી હાલનો આ દાવો કરેલ છે.

૨.૨. વધુમાં જણાવે છે કે, આ કામે વાદીએ ખુદ કરેલ ગેરકાયદેસર બાંધકામ છુપાવવા માંગે છે. પ્રતિવાદીએ વાદીની મિલકતમાં બાંધકામ કરેલ નથી અને જાહેર જગ્યાએ કોઈ ઉપયોગ કરેલ નથી, પ્રતિવાદીએ જગ્યા માંગેલ છે અને તેની ફી ભરવા ખુશી છે. આ કામે વાદીએ રજુ કરેલ પેઢીનામાં જણાવ્યા મુજબ અન્ય સંયુકત વારસદારોને પક્ષકાર તરીકે જોડેલ ન હોય વાદીના દાવામાં પક્ષકારોનો બાધ નડે છે. વાદીએ ખોટી હકીકત ઉભી કરીને દાવો કરેલ છે. જે ચાલવા પાત્ર ન હોઈ વાદીનો દાવો ખર્ચ સહિત રદ કરી પ્રતિવાદીને કોમ્પનસેશન (કોસ્ટ) અપાવવા અરજ કરેલ છે અને મળવાપાત્ર અન્ય હરકોઈ દાદ પ્રતિવાદીના લાભમાં અપાવવા અરજ કરેલ છે.

૩.. આ કામે વાદી તર્ફે પુરાવાનાં તબકકે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**મૌખિક પુરાવા :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧ | ૨૪ | વાદી દત્તુકુમાર જીવનલાલ વ્યાસની સો.ઉ.ની જુબાની. |

**દસ્તાવેજી પુરાવા** :–

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૬ | વાદી દત્તુકુમારના આધારકાર્ડની નકલ. |
| ૨ | ૨૭ | સીટી સર્વે નં.૧૮૦૦ નું મિલકત કાર્ડ. |
| ૩ | ૨૮ | સીટી સર્વે નં.૧૮૦૧ નું મિલકત કાર્ડ. |
| ૪ | ૨૯ | સીટી સર્વે નં.૧૭૯૭, ૧૮૦૧, ૧૬૭૭ શીટ નં.૧૬ ના નકશાની ખરી નકલ. |
| ૫ | ૩૦ | વાદીએ ખેડા નગરપાલિકાને આપેલ અરજી. |
| ૬ | ૩૧ | વાદીએ ખેડા નગરપાલિકાને આપેલ અરજી. |
| ૭ | ૩૨ | વાદીએ ખેડા નગરપાલિકાને આપેલ અરજી. |
| ૮ | ૩૩ | જીવણલાલ શંકરલાલ વ્યાસનું પેઢીનામું. |
| ૯ | ૩૪ | બાંધકામ અંગેનો ફોટોગ્રાફસ. |
| ૧૦ | ૩૫ | સીટી સર્વે નં.૧૬૭૭ નું મિલકત કાર્ડ. |
| ૧૧. | ૪૫ | પ્રતિવાદી ભાવેશભાઈનું મે.સર્વેયરશ્રી રૂબરૂનું નિવેદન. |

૪.. આ દાવાના કામે પ્રતિવાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવા :–</u>**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧ | ૪૨ | પ્રતિવાદી ભાવેશકુમાર સુરેશભાઈ પટેલની સો.ઉ.ની જુબાની. |
| ૨ | ૪૭ | સાહેદ હિતેશકુમાર ભીખાભાઈ પટેલની સો.ઉ.ની જુબાની. |

**<u>દસ્તાવેજી પુરાવા :–</u>**

આ દાવાના કામે પ્રતિવાદી તરફે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.

ત્યારબાદ આંક–૪૮ થી પ્રતિવાદી તરફે પુરાવા બંધની પુરસીસ રજુ થતાં, પ્રતિવાદીનો વધુ પુરાવો ન્યાયના હિતમાં બંધ કરવામાં આવેલ છે.

**૫..** <u>દલીલો:</u>–

૫.૧. આ કામે વાદી તરફેના વિ.વકીલશ્રી એમ.કે.રબારીની તથા પ્રતિવાદી નં.૧ તરફે વિ.વકીલશ્રી કે.એન.કા.પટેલની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

૫.૨. આ કામે પક્ષકારો તરફે તેઓની મૌખિક દલીલોમા જે રજુઆત કરેલ છે તે રેકર્ડપરના રજુ પુરાવાને આધીન હોય તેનુ પુનરાવર્તન ટાળવા હાલમાં તેની ચર્ચા કરવામાં આવતી નથી, પરંતુ જરૂર પડયે યથાસ્થાને તેની ચર્ચા કરવામાં આવશે.

**૬..** સદરહું દાવાના નિર્ણય અર્થે આંક–૧૯ થી નીચે મુજબના મુદ્દા ઘડેલ છે.

**<u>-:: મુદ્દા ::-</u>**

૧. શું વાદી સાબિત કરે છે કે, ખેડાના સીટી સર્વે નં.૧૮૦૦ તથા ૧૮૦૧ વાળી મિલ્કત તેઓની સંયુકત માલિકી કબજાની પૈતૃક મિલ્કતો છે ?

૨. શું વાદી સાબિત કરે છે કે, તેઓની મિલ્કતની ઉત્તર દિશાએ ખુલ્લો ચોક મુકી પ્રતિવાદી નં.૧ ની સીટી સર્વે નં.૧૬૭૭ વાળી મિલકત આવેલ છે ?

૩. શું વાદી સાબિત કરે છે કે, પ્રતિવાદી નં.૧ ના કોઈપણ જાતની પરવાનગી વગર વરસાદી પાણીના નિકાલની જગ્યામાં દબાણ કરી ગેરકાયદેસર રીતે બાંધકામ કરી રહેલ છે ?

૪. શું વાદી સાબિત કરે છે કે, પ્રતિવાદી નં.૧ ના ગેરકાયદેસરના કૃત્યને અટકાવવા પ્રતિવાદી નં.૨ નગરપાલિકાને લેખિતમાં અરજી આપવા છતાં તેઓ ધ્વારા કોઈ અટકાયતી પગલાં ભરેલ નથી ?

૫. શું વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

૬. શું હુકમ અને શું હુકમનામું ?

**૭..** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. હકારમાં.

૩. અંશત: હકારમાં.

૪. નકારમાં.

૫. અંશત: હકારમાં.

૬. આખરી હુકમ મુજબ.

## <u>*–: નિર્ણયના કારણો :–*</u>

**૮.. <u>મુદ્દા નંબર ૧ ની ચર્ચા :–</u>**

૮.૧. ઉભય પક્ષકારોના વિ.વકીલશ્રીની દલીલના સંદર્ભમાં, ઉપરોકત મુદ્દા નંબર ૧ પુરવાર કરવા વાદી તરફે રજુ પુરાવો ઘ્યાને લેવામાં આવે તો, આ કામે વાદી દત્તુકુમાર જીવનલાલ વ્યાસની આંક–૨૪ ની સોગંદઉપરની જુબાની ઘ્યાને લેતાં તેઓએ દાવા પ્લીડીંગ મુજબ દાવાવાળી મોજે ખેડાના સીટી સર્વે નં.૧૮૦૦ તથા ૧૮૦૧ વાળી મિલકત તેઓની સંયુકત માલિકી કબજાની પૈતૃક મિલકતો હોઈ અને તેની ઉત્તર દિશાએ સીટી સર્વે નં.૧૮૦૨ વાળો ખુલ્લો ચોક આવેલ છે અને તે મુકીને પ્રતિવાદીની માલિકીની સીટી સર્વે નં.૧૬૭૭ વાળું મકાન/મિલકત આવેલ છે અને તેવા કથનના સમર્થનમાં આંક–૨૭ તથા આંક–૨૮ થી સીટી સર્વે નં.૧૮૦૦ તથા સીટી સર્વે નં.૧૮૦૧ વાળા મકાનના મિલકત કાર્ડ/પ્રોપર્ટી કાર્ડ રજુ રાખેલ છે તે જોતાં તેમાં કબજેદાર તરીકે વ્યાસ જીવનલાલ શંકરલાલ એટલે કે હાલના વાદીના પિતાનું નામ ચાલતુ હોવાનું જણાય છે. તેમજ આંક–૨૯ થી સટી સર્વે નંબર દર્શાવતો નકશો રજુ છે તે જોતાં તેમાં સીટી સર્વે નં.૧૮૦૨ વાળી મિલકત ખુલ્લા ચોકની આવેલ હોવાનું જણાય છે. તદુઉપરાંત આંક–૩૩ થી ગુજ.જીવનલાલ શંકરલાલ વ્યાસનું પેઢીનામું રજુ છે તે જોતાં તેમાં ગુજ.જીવનલાલના હયાત વારસોમાં હાલના વાદી પણ વારસદાર હોવાનુ જણાઈ આવે છે.

૮.૨. હાલના વાદી તે ગુજરનાર જીવનલાલ શંકરલાલ વ્યાસના વારસદાર નથી કે સીટી સર્વે નં.૧૮૦૦ તથા સીટી સર્વે નં.૧૮૦૧ વાળી મિલકતો ગુજરનાર જીવનલાલ શંકરલાલ વ્યાસની માલિકી કબજાની આવેલ નથી અને તેઓના અવસાન બાદ વારસદાર તરીકે હાલના વાદીના કબજામાં આવેલ નથી તેવી કોઈજ તકરાર પ્રતિવાદી તરફે લીધેલ નથી કે તે બાબત વાદીની આંક–૨૪ ની જુબાની દરમ્યાન પડકારી પ્રતિવાદી તરફે નાસાબિત કરેલ નથી કે તે વિરુધ્ધ અન્ય કોઈ પુરાવો પ્રતિવાદી તરફે રજુ નથી. ઉલટાનું આ કામે પ્રતિવાદી ભાવેશભાઈ સુરેશભાઈ પટેલએ ખુદ આંક–૪ર થી સોગંદઉપરની જુબાની આપી તેમાં સીટી સર્વે નં.૧૮૦૦ તથા ૧૮૦૧ વાળા મકાન તેમજ ૧૮૦૨ વાળી ખુલ્લી જમીન વાળી મિલકતો વાદીની સંયુત માલિકી કબજા ભોગવટાની આવેલ હોવાનુ સ્વીકારે છે તેવા સંજોગોમાં દાવાવાળી મોજે ખેડાના સીટી સર્વે નં.૧૮૦૦ તથા ૧૮૦૧ વાળી મિલકતો વાદીની સંયુકત માલિકી કબજાની પૈતૃક મિલકતો હોવાની હકીકત રેકર્ડ પરના રજુ પુરાવા આધારે સાબિત થતી હોય તે મુજબ ઉપરોકત નિર્ણિત મુદ્દા નંબર ૧ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

૯.. **<u>મુદ્દા નંબર ૨ ની ચર્ચા :–</u>**

આ કામે ઉભય પક્ષકારોના વિ.વકીલશ્રીની દલીલના સંદર્ભમાં, ઉપરોકત મુદ્દા નંબર ૨ પુરવાર કરવા વાદી તરફે રજુ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, વાદી દત્તુકુમાર જીવનલાલ વ્યાસની આંક–૨૪ ની સોગંદઉપરની જુબાનીમાં જણાવ્યા મુજબ ખેડાના સીટી સર્વે નં.૧૮૦૦ તથા ૧૮૦૧ વાળી મિલકત તેઓની સંયુકત માલિકી કબજાની પૈતૃક મિલકતો છે અને તેની ઉત્તર દિશાએ સીટી સર્વે

નં.૧૮૦૨ વાળો ખુલ્લો ચોક આવેલ છે અને તે મુકીને પ્રતિવાદીની માલિકીની સીટી સર્વે નં.૧૬૭૭ વાળી મકાન/મિલકત આવેલ છે અને તેવા કથનના સમર્થનમાં આંક–૩૫ થી સીટી સર્વે નં.૧૬૭૭ નું મિલકત કાર્ડ/પ્રોપર્ટી કાર્ડ રજુ રાખેલ છે તે જોતાં તેમાં કબજેદાર તરીકે ભાવેશકુમાર સુરેશભાઈ પટેલ એટલે કે હાલના પ્રતિવાદીનું નામ ચાલતુ હોવાનું જણાય છે. જયારે આ કામે પ્રતિવાદી તરફે સદર મિલકત તેઓની માલિકી કબજાની આવેલ નથી તેવી કોઈજ તકરાર લીધેલ નથી. ઉલટાનું પ્રતિવાદી ભાવેશભાઈ સુરેશભાઈ પટેલએ આંક–૪૨ થી ખુદની સોગંદઉપરની જુબાની આપી તેમાં સીટી સર્વે નં.૧૬૭૭વાળું મકાન તેમનું હોવાનુ સ્વીકારે છે. ત્યારે વાદી તરફે રજુ પુરાવા આધારે વાદીની મિલકતની ઉત્તર દિશાએ ખુલ્લો ચોક મુકી પ્રતિવાદી નં.૧ ની સીટી સર્વે નં.૧૬૭૭ વાળી મિલકત આવેલ હોવાની હકીકત પુરવાર થત હોય તે મુજબ નિર્ણિત મુદ્દા નંબર ૨ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

**૧૦.. <u>મુદ્દા નંબર ૩ ની ચર્ચા :–</u>**

૧૦.૧. આ કામે ઉભય પક્ષકારોના વિ.વકીલશ્રીની દલીલના સંદર્ભમાં, ઉપરોકત મુદ્દા નંબર ૩ પુરવાર કરવા વાદી તરફે રજુ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ કામે ઉપરોકત મુદ્દા નંબર ૧ અને ૨ માં કરેલ વિગતે ચર્ચા મુજબ સીટી સર્વે નં.૧૮૦૦ તથા ૧૮૦૧ વાળા મકાન/ મિલકતો વાદીને વારસાઈ હકકે પ્રાપ્ત થયેલ પિતૃક મિલકતો છે અને તેની ઉત્તર દિશાએ સીટી સર્વે નં.૧૮૦૨ વાળો ખુલ્લો ચોક આવેલ છે અને તે મુકીને પ્રતિવાદીની માલિકીની સીટી સર્વે નં.૧૬૭૭ વાળુ મકાન/મિલકત આવેલ છે અને તે હકીકત રેકર્ડ પરના રજુ પુરાવા આધારે સાબિત થયેલ છે.

૧૦.૨. હવે વાદીની રજુઆત મુજબ તેઓના મકાન/મિલકત અને પ્રતિવાદીના મકાન/મિલકત વચ્ચે પાણીના નિકાલની જગ્યામાં કોઈપણ જાતની પરવાનગી વગર દબાણ કરી પ્રતિવાદી ગેરકાયદેસર રીતે બાંધકામ કરી રહેલ હોઈ જેથી તેમ બાંધકામ નહી કરવા પ્રતિવાદી નં.૧ ને કહેવા છતાં તે માનેલ નહી. જેથી પ્રતિવાદી નં.૧ નાને ગેરકાયદેસર બાંધકામ કરતાં રોકવા પ્રતિવાદી નં.૨ નાને આંક–૩૦,૩૧ તથા ૩૨ થી રજુ લેખિત અરજીઓ આપેલ તેમછતાં પ્રતિવાદી નં.૨ નાએ પ્રતિવાદી નં.૧ ના ગેરકાયદેસરના કૃત્યને અટકાવેલ નથી. જેથી, પ્રતિવાદીઓને ગેરકાયેદસરનું કૃત્ય કરતાં અટકાવવા સારૂ હાલનો આ દાવો લાવવા કારણ ઉપસ્થિત થયેલ છે અને આજ હકીકત વાદી દત્તુકુમાર જીવનલાલ વ્યાસએ આંક–૨૪ ની સોગંદઉપરની જુબાનીમાં વર્ણવેલ છે. પરંતુ પ્રતિવાદીએ પાણીના નિકાલની જગ્યામાં કે રસ્તાની જગ્યામાં દબાણ કરેલ હોય તે દર્શાવતી સીટી સર્વે કચેરીની દબાણ દર્શાવતી માપણી શીટ કે અન્ય કોઈ પુરાવો આ કામે વાદી તરફે રજુ રાખેલ નથી.

૧૦.૩. હવે આ વાદીની પ્રતિવાદી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ જોવામાં આવે તો તેઓ સ્વીકારે છે કે, તેમના મકાનની આગળની સાઈડે લાંબી શેરી તથા પાછળની બાજુ ભાથીવાડો આવેલ છે અને આ ભાડીવાડામાં અન્ય રહેણાંકના મકાન આવેલ છે. તેઓ સ્વીકારે છે કે, ભાડીવાડામાં જવાનો અલગથી રસ્તો આવેલ છે અને એ રસ્તામાં ભાથીવાડાના માણસો અવર જવર કરે છે. ત્યારબાદ એ વાતનો ઈન્કાર કરે છે કે, તેમના મકાનની ઉત્તર દિશાએ સીટી સર્વે નં.૧૬૭૭ વાળું મકાન આવેલ છે અને

સ્વેચ્છાએ જણાવે છે કે, ખુલ્લી જમીન આવેલ હતી અને આ ખુલ્લી જમીનમાંથી વરસાદનું પાણી બહાર નીકળે છે. ત્યારબાદ તેઓ સ્વીકારે છે કે, તેમના મકાનની પાછળની બાજુ એટલે કે ભાથીવાડામાં એક દરવાજો મુકેલો છે અને સ્વેચ્છાએ જણાવે છે કે, તેમને બીજો એક દરવાજો મુકવાનો પણ હક રહેલો છે.ત્યારબાદ આંક-૨૯ થી રજુ નકશો જોઈને જણાવે છે કે, લાંબી શેરીથી ભાથીવાડા તરફ જવાનો પાછળનો રસ્તો ખુલ્લો હોવાનું જણાય છે.

૧૦.૪. હવે વાદીના ઉપરોકત પુરાવા સામે પ્રતિવાદી ભાવેશભાઈ સુરેશભાઈ પટેલએ આંક-૪૨ થી સોગંદઉપરની જુબાની આપેલ છે તેમાં તેઓ વાદી તરફેની ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, ખેડા સીટી સર્વે નં.૧૬૭૭ સિવાય બીજો કોઈ પ્લોટ કે મકાન તેમના નામે આવેલ નથી. તેઓ સ્વીકારે છે કે, તેમના પ્લોટમાં એક નાનુ છાપરુ હતુ તે તોડીને તેમાં તેઓએ નવેસરથી મકાન બનાવવાનું ચાલુ કરેલ. તેઓ સ્વીકારે છે કે, તેઓએ નવેસરથી મકાન બનાવવાનું શરૂ કરેલ તે અગાઉ બાંધકામ કરવા સંબંધેની પંચાયતની કોઈ પરવાનગી મેળવેલ નથી કે પ્લોટમાં બાંધકામ કરતાં અગાઉ તેની કોઈ માપણી કરાવેલ નહી. તેઓ સ્વીકારે છે કે, તેઓએ તેમના મકાનના બાંધકામ કરતા અગાઉ પરવાનગી મેળવેલ ન હોવાથી વાદીએ હાલનો આ દાવો કરેલ છે. ત્યારબાદ તેઓ સ્વીકારે છે કે, હાલના દાવાના કામે વાદીની સંમંતિથી વાદગ્રસ્ત જગ્યાએ સીટી સર્વે સુપ્રિન્ટેન્ડટ મારફતે માપણી કરવા આંક-૧૩ થી રજુ અરજી કરેલ જેના અનુસંધાને નામદાર કોર્ટના હુકમથી સીટી સર્વે સુપ્રિન્ટેન્ડટએ સ્થળ ઉપર માપણી કરવા બંને પક્ષકારોને નોટિસ બજાવી હાજર રખાવેલ અને તેઓની હાજરીમાં

માપણી કરી સ્થળ પર પંચનામું, નકશો તૈયાર કરેલ અને બંને પક્ષકારોના નિવેદન લીધેલ. ત્યારબાદ નિ.૧૫/૨(બી) થી રજુ નિવેદન જોઇને જણાવે છે કે, તે નિવેદન સીટી સર્વે સુપ્રિન્ટેન્ડટ રૂબરૂ તેઓએ લખાવેલ જે નિવેદન તેમના લખાવ્યા મુજબ લખી લીધેલ. ત્યારબાદ તેઓ સ્વીકારે છે કે, સદર નિ.૧૫/૨(બી)વાળા નિવેદનમાં એવું લખાવેલ કે, વાદવાળી મિલકતમાં પૂર્વ બાજુએ ઓટલાનું બાંધકામ કરી દબાણ કરેલ છે અને તે નિવેદનમાં નીચે તેઓએ (પ્રતિવાદીએ) પોતાની સહી કરેલ હોવાનું સ્વીકારતા સદર નિવેદન આંક–૪૫ થી આ કામે રજુ થયેલ છે. ત્યારબાદ નિ.૧૫/૫ વાળો નકશો જોઇને જણાવે છે કે, જે સીટી સર્વે સુપ્રિન્ટેન્ડટશ્રીએ સ્થળ ઉપર આવી માપણી કરી તૈયાર કરેલ નકશો છે. ત્યારબાદ તેઓ સ્વીકારે છે કે, સદર નકશામાં તેમના બાંધકામમાં ૧૮.૦૦૫ ચો.મી. રસ્તામાં દબાણ હોવાનું દર્શાવેલ છે. ત્યારબાદ તેઓ સ્વીકારે છે કે, તેમના મકાનની પશ્ચિમ દિશાએ તથા દક્ષિણ દિશાએ નવેરાનો ભાગ આવેલ છે. જયારે એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓએ પશ્ચિમ દિશાએ તથા દક્ષિણ દિશાએ આવેલ નવેરાના ભાગમાં ઈંટ સિમેન્ટથી પાકું બાંધકામ કરેલ છે. ત્યારબાદ નિ.૮/૩ થી રજુ દસ્તાવેજ જોઇને જણાવે છે કે તે કોર્ટ કમિશ્નરશ્રી ધ્વારા તૈયાર કરવામાં આવેલ સ્થળ પંચનામું છે જેમાં પંચોએ તથા તેઓ પોતે સહી કરેલ જે ઓળખી બતાવે છે. ત્યારબાદ એ વાતનો ઈન્કાર કરે છે કે, નવેરાના પાણીના નિકાલનો જે રસ્તો આવેલ છે તે તેઓએ બાંધકામ કરી બંધ કરેલ છે. ત્યારબાદ તેઓ સ્વીકારે છે કે, વાદીની સીટી સર્વે મિલકત નં.૧૮૦૨ વાળી ખુલ્લી જમીન આવેલ છે, જેમાંથી તેઓને ભાથીવાડા બાજુ જવાનો રસ્તો

આવેલ છે જેમાં બાંધકામ કરી તેઓએ ઓટલો બનાવેલ છે, જેથી રસ્તો બંધ થયેલ છે. તેઓ સ્વીકારે છે કે, તેઓ વાદવાળી મિલકતમાં બાંધકામ કરતા હતા ત્યારે ખેડા નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રીએ સ્થળ પર આવી તેઓને રસ્તો ખુલ્લો રાખવા જણાવેલ. ત્યારબાદ તેઓ સ્વીકારે છે કે, તેમની માલિકીના પ્લોટમાં નવેસરથી બાંધકામ કરેલ જેમાં તેઓએ ગેરકાયદેસર દબાણ કરી બાંધકામ કરેલ છે.

૧૦.૫. આમ, વાદી તથા પ્રતિવાદી તરફે રજુ ઉપરોકત પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામે સૌ પ્રથમ એ હકીકતની નોંધ લેવી આવશ્યક છે કે, આ કામના વાદીના દાવા પ્લીડીંગ મુજબ પ્રતિવાદી તેના મકાનની ચારે તરફે ગેરકાયદેસર રીતે દબાણ કરી વાદીના મકાનની પાછળના ભાગે વરસાદી પાણીના નિકાલની જગ્યામાં બાંધકામ કરતા હોય પ્ર તિવાદીને તેવું બાંધકામ નહી કરવા કહેવા છતાં તે માનેલ નથી અને તેઓએ તેમના વરસાદી પાણીના નિકાલની જગ્યામાં તથા જાહેર રસ્તાની જગ્યામાં દબાણ કરી બાંધકામ કરેલ છે. આ કામે વાદીની અરજી આધારે કોર્ટ કમિશ્નરશ્રીની નિમણુંક કરી સ્થળ સ્થિતિ દર્શાવતો નકશો તથા પંચનામું તૈયાર કરાવેલ. તેજ રીતે બંને પક્ષકારોની સંમતિથી સીટી સર્વે સુપ્રિન્ટેન્ડટશ્રીની કોર્ટ કમિશ્નર તરીકે નિમણુંક કરાવી તેઓ મારફતે સ્થળ ઉપર માપણી કરી માપણી શીટ/નકશો તૈયાર કરવામાં આવેલ, પરંતુ સદર પંચનામું, માપણી શીટ કે નકશો આ કામે પુરાવામાં વંચાણે લેવા સારૂ વાદી ધ્વારા આંકે અપાવવા કોઈ કાર્યવાહી કરેલ નથી કે સદર માપણી શીટ તથા નકશામાં જણાવેલ દબાણ સંબંધેના કંન્ટેન્ટ પુરવાર થતાં નથી. વધુમાં આ કામે વાદી ધ્વારા સ્થળ પર માપણી

કરી માપણી શીટ તથા નકશો તૈયાર કરનાર સીટી સર્વે સુપ્રિન્ટેન્ડટશ્રીને પુરાવાના કામે સાક્ષી તરીકે તપાસી તેઓના પુરાવા દરમ્યાન વાદી જણાવે છે તેવું પ્રતિવાદીએ ખરેખર દબાણ કરી ગેરકાયદેસર રીતે બાંધકામ કરેલ છે તે હકીકત નામદાર કોર્ટના રેકર્ડ પર લાવી શકેલ નથી. ત્યારે વાદી જણાવે છે તેવું પ્રતિવાદીએ તેમના મકાનની ચારે તરફ ગેરકાયદેસર દબાણ કરી બાંધકામ કરેલ છે તેવી હકીકત માપણી શીટના અભાવે સાબિત થતી હોવાનું માની શકાય નહી.

૧૦.૬. વધુમાં, આ કામે વાદીની રજુઆત મુજબ પ્રતિવાદીએ તેઓના મકાનની પાછળ આવેલ વરસાદી પાણીના નિકાલના નવેળામાં દબાણ કરી બાંધકામ કરેલ છે પરંતુ તે હકીકત રેકર્ડ પરના પુરાવા આધારે વાદી તરફે પુરવાર થયેલ નથી અને આ કામે પ્રતિવાદી અલ્પેશભાઈએ પણ પોતાની સોગંદઉપરની જુબાની દરમ્યાન વરસાદી પાણીના નિકાલમાં બાંધકામ કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. તદુઉપરાંત આ કામે વાદી તરફે આંક-૩૪ થી સ્થળ સ્થિતિનો ફોટોગ્રાફસ રજુ રાખેલ છે તે જોતાં પણ બંને મકાનની વચ્ચે નવેળાની જગ્યા ખુલ્લી એટલે કે નવેરૂ પુરાઈ જાય તે રીતે બાંધકામ કરેલ નથી અને નવેરાની જગ્યા ખુલ્લી રાખી નવેસરની દિવાલ બનાવેલ છે ત્યારે વાદી જણાવે છે તેમ તેમના મકાનની પાછળ વરસાદી પાણીના નિકાલની જગ્યા આવેલ તેમાં પ્રતિવાદીએ બાંધકામ કરી બંધ કરેલ છે તે હકીકત પુરવાર થતી નથી. ઉલટાનું સદર જગ્યા હાલે પણ ખુલ્લી હોવાનું રેકર્ડ પર રજુ ફોટો ગ્રાફસ આધારે જણાય છે. વધુમાં આ કામે પ્રતિવાદી અલ્પેશભાઈ સુરેશભાઈ પટેલએ પોતાની આંક-૪૨ ની જુબાની દરમ્યાન કબુલ રાખ્યા મુજબ

તેઓએ વાદવાળી મિલકત એટલે કે તેમના મકાનની પૂર્વ બાજુએ ઓટલાનું બાંધકામ કરી દબાણ કરેલ છે અને તે હકીકત સીટી સર્વે સુપ્રિન્ટેન્ડટશ્રી રૂબરૂ આંક–૪૫ થી રજુ નિવેદનમાં લખાવેલ તેવા સંજોગોમાં પ્રતિવાદીએ તેના મકાનની પૂર્વ દિશા સિવાયની દિશામાં દબાણ કરેલ હોવાનુ જણાઈ આવતુ નથી પરંતુ પૂર્વ દિશામાં ઓટલાનું દબાણ કરેલ હોવાનું સ્પષ્ટ સાબિત થાય છે.

૧૦.૭. વધુમાં, આ કામે સીટી સર્વે સુપ્રિન્ટેન્ડટશ્રીએ તૈયાર કરેલ માપણી શીટ મુજબ ૧૮.૦૦૫ ચો.મી.રસ્તામાં દબાણ કરેલ હોવાનુ દર્શાવેલ છે પરંતુ સદર માપણી શીટને આંક આપી વંચાણે લેવા સારૂ વાદી તરફે કોઈ કાર્યવાહી કરેલ નથી. તેમજ સીટી સર્વે સુપ્રિન્ટેન્ડટશ્રીના પુરાવાના અભાવે પ્રતિવાદીએ ચોકકસ કેટલુ દબાણ કંઈ દિશામાં કરેલ છે તે કહી શકાય તેમ નથી અને તેવા સંજોગોમાં પ્રતિવાદીએ કોઈ પણ જાતની પરવાનગી વગર વરસાદી પાણીના નિકાલની જગ્યામાં દબાણ કરી ગેરકાયદેસર રીતે બાંધકામ કરેલ હોઈ તે હકીકત પુરવાર થતી નથી પરંતુ આ કામે પ્રતિવાદીએ ખુદ રસ્તામાં દબાણ કરી ઓટલાનું બાંધકામ કરેલ હોવાનુ સ્વીકારતા હોય તેવા સંજોગોમાં ઉપરોકત નિર્ણિત મુદ્દા નંબર ૩ નો જવાબ અંશત: હકારમાં ઠરાવવામાં આવે છે.

## ૧૧.. <u>મુદ્દા નંબર ૪ ની ચર્ચા :–</u>

૧૧.૧. આ કામે વાદીની રજુઆત મુજબ તેઓના મકાનની પાછળના ભાગેથી પાણીના નિકાલની જગ્યામાં પ્રતિવાદી નં.૧ નાએ કોઈપણ જાતની પરવાનગી વગર દબાણ કરી ગેરકાયદેસર રીતે બાંધકામ કરી રહેલ હોય તે મુજબ બાંધકામ નહી કરવા પ્રતિવાદી નં.૧ ને કહેવા છતાં તે માનેલ નહી. જેથી, પ્રતિવાદી નં.૧ નાને ગેરકાયદેસર બાંધકામ

કરતાં રોકવા પ્રતિવાદી નં.૨ ચીફ ઓફિસરશ્રી ખેડા નગરપાલિકાનાઓને લેખિત અરજીઓ આપેલ તેમછતાં પ્રતિવાદી નં.૨ નાએ પ્રતિવાદી નં.૧ ના ગેરકાયદેસરના કૃત્યને અટકાવેલ નથી. જેથી, પ્રતિવાદીઓને ગેરકાયેદસરનું કૃત્ય કરતાં અટકાવવા સારૂ હાલનો આ દાવો લાવેલ છે અને આજ હકીકતો વાદી દત્તુકુમાર જીવનલાલ વ્યાસએ આંક–૨૪ ની સોગંદઉપરની જુબાનીમાં જણાવેલ છે અને તેના સમર્થનમાં આંક–૩૦,૩૧,૩૨ થી ચીફ ઓફિસરશ્રી, ખેડા નગરપાલિકાનાઓને આપેલ અરજીઓ રજુ રાખેલ છે. હવે આ વાદીની પ્રતિપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ જોવામાં આવે તો તેઓ સ્વીકારે છે કે, હાલના દાવાના કામે ખેડા નગર પાલિકાને પક્ષકાર બનાવેલ છે. જયારે એ વાતનો ઈન્કાર કરે છે કે, પ્રતિવાદી નં.૨ નાએ જે તે વખતે પ્રતિવાદી નં.૧ સામે કાયદેસરની કાર્યવાહી કરેલી એટલે કે કોઈ કાર્યવાહી કરેલ નથી. તદુઉપરાંત એ વાતની ખબર ન હોવાનું જણાવે છે કે, પ્રતિવાદી નં.૨ નાએ પ્રતિવાદી નં.૧ ને કાયદેસરની નોટિસ પણ આપેલી. હવે આ કામે પ્રતિવાદી ભાવેશભાઈ સુરેશભાઈનો પુરાવો જોતાં તેઓએ પોતાની ઉલટ તપાસ દરમ્યાન સ્પષ્ટ સ્વીકારેલ છે કે, તેઓએ વાદવાળી મિલકતનું બાંધકામ કરતા ખેડા નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી સ્થળ પર આવી તેઓને નવેરાનો રસ્તો ખુલ્લો રાખવા જણાવેલું.

૧૧.૨. આમ, વાદી તથા પ્રતિવાદી તરફે રજુ ઉપરોકત પુરાવો ધ્યાને લેતાં પ્રતિવાદી નં.૧ નાએ રસ્તામાં દબાણ કરી બાંધકામ કરતા હતા તે વખતે નવેરાના રસ્તો ખુલ્લો રાખવા ખેડા નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રીએ સ્થળ પર આવી જણાવેલ અને તે હકીકત ખુદ

પ્રતિવાદી નં.૧ નાએ સ્વીકારેલ હોય તેવા સંજોગોમાં વાદીએ પ્રતિવાદી નં.૧ ના ગેરકાયદેસરના કૃત્યને અટકાવવા પ્રતિવાદી નં.ર નગરપાલિકાને લેખિતમાં અરજી આપેલ હોવા છતાં પ્રતિવાદી નં.ર નાએ કોઈ અટકાયતી પગલાં ભરેલ નથી તેમ કહી શકાય નહી અને તે મુજબ નિર્ણિત મુદ્દા નંબર ૪ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે.

**૧૨.. <u>મુદ્દા નંબર ૫ ની ચર્ચા :-</u>**

આ કામે ઉપરોકત મુદ્દા નંબર ૧ થી ૪ માં વિગતે ચર્ચા કર્યા પ્રમાણે વાદી ધ્વારા પોતાની દાવા અરજીના સમર્થનમાં રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા આધારે પ્રતિવાદી નં.૧ નાએ તેઓની માલિકી કબજાની ખેડા સીટી સર્વે નં.૧૬૭૭ માં નવીન બાંધકામ કરતી વખતે ચારે તરફ દબાણ કરી વાદીના મકાનની પાછળના ભાગે વરસાદી પાણીના નિકાલની જગ્યા (નવેરામાં) ગેરકાયદેસર રીતે દબાણ કરી બાંધકામ કરેલ હોય તે હકીકત રેકર્ડ પરના રજુ પુરાવા આધારે સાબિત થતી નથી, પરંતુ પ્રતિવાદીએ તેની મિલકતના પૂર્વ તરફ આવેલ જાહેર રસ્તામાં દબાણ કરી ગેરકાયદેસર રીતે ઓટલાનું બાંધકામ કરેલ હોવાની હકીકત રેકર્ડ પરના રજુ પુરાવા આધારે પુરવાર થતી હોય તે સંજોગોમાં દાવામાં જણાવ્યા મુજબની અંશત: દાદ મેળવવા વાદી હકદાર ઠરે છે તે મુજબ મુદ્દા નંબર ૫ નો જવાબ અંશત: હકારમાં ઠરાવી મુદ્દા નંબર ૬ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**૧૩.. <u>મુદ્દા નંબર ૬ ની ચર્ચા :-</u>**

આ કામે ઉપરોકત હકીકતે અને વિગતે મુદ્દા નંબર ૧ થી ૫ ના પરીણામ સ્વરૂપ, મુદ્દા નંબર ૬ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

**–:: આખરી હુકમ ::–**

– વાદીનો દાવો અંશત: મંજૂર કરવામાં આવે છે.

– મોજે ગામ ખેડા, તા.જી.ખેડા નગરપાલિકાની હદ વિસ્તારમાં ખેડા સીટી સર્વે નં.૧૮૦૦ તથા ૧૮૦૧ વાળી વાદીની પૈતૃક સંયુકત માલિકી કબજાના મકાન /મિલકતોની ઉત્તર દિશાએ ખેડા સીટી સર્વે નં.૧૮૦૨ વાળો ખુલ્લો ચોક આવેલ છે જે મુકીને પ્રતિવાદીની માલિકીની સીટી સર્વે નં.૧૬૭૭ વાળી મિલકત આવેલ છે. જે મિલકતમાં પ્રતિવાદીએ કોઈપણ જાતના કાયદેસરના હકક, અધિકાર વિના મકાનનું નવું બાંધકામ કરી પૂર્વ દિશામાં મકાનની આગળ જાહેર રસ્તામાં ગેરકાયદેસર રીતે દબાણ કરી ઓટલાનું બાંધકામ કરી જાહેર રસ્તો બંધ થાય તેવુ કાયદા વિરુધ્ધનુ કૃત્ય કરેલ હોઈ, પ્રતિવાદી નં.૧ નાએ તેના મકાનની બહાર રસ્તામાં ગેરકાયદેસર રીતે બાંધેલ ઓટલો તાત્કાલીક અસરથી દૂર કરી રસ્તો ખુલ્લો કરવો.

– વધુમાં, એવો હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી નં.૧ નાએ તેના મકાનની બહાર પૂર્વ દિશામાં જે ઓટલો બાંધેલ છે તે ઓટલાનું બાંધકામ દૂર કરી ફરી તેમાં કોઈ પણજાતનું બાંધકામ જાતે કે તેના માણસો, એજન્ટો, નોકરો વિગેરે મારફતે કરે કરાવે નહી તેવો જાથુનો મનાઈ હુકમ વાદીના લાભમાં અને પ્રતિવાદીઓ વિરુધ્ધ ફરમાવવામાં આવે છે.

– પક્ષકારોએ પોતાનું ખર્ચ પોતે ભોગવવું.

– હુકમ મુજબનું હુકમનામું દોરવું.

ઉપર મુજબનો હુકમ આજરોજ તા.૭મી,માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭.૦૫.૨૦૨૬
સ્થળ: ખેડા.

(મહેશકુમાર ચીમનલાલ પટેલ)
પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ
ખેડા.
[GJ01199]